એ બંધન તો પ્યાર કા બંધન હૈ..

રક્ષાબંધને નવસારીમાં વધુ 50 બસ દોડાવાઇ

સુરત : નવસારી ST ડેપો મેનેજમેન્ટે રક્ષાબંધનના તહેવાર દરમિયાન મુસાફરોની સુવિધા માટે મહત્વપૂર્ણ વ્યવસ્થા કરી છે. GSRTC સંચાલિત આ ડેપો દ્વારા નિયમિત બસો ઉપરાંત 50 વધારાની બસ ટ્રીપ દોડાવવામાં આવી હતી. આ પગલું તહેવાર નિમિત્તે વધેલા ભારે ટ્રાફિક અને મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે લેવામાં આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતમાંથી મધ્ય ગુજરાત, સુરત અને આસપાસના જિલ્લાઓમાં અવરજવર કરતા પ્રવાસીઓ માટે ST બસ પરિવહનનું મુખ્ય માધ્યમ છે. મુસાફરોની વિશેષ માંગને ધ્યાનમાં રાખીને, નવસારી ડેપોએ અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, તાપી, ધરમપુર અને ડાંગ સહિતના વિસ્તારો માટે વધારાની બસોની સુવિધા પૂરી પાડી હતી.

રક્ષાબંધનના પર્વએ ભાઈ-બહેનના સંબંધની મીઠાશ, મીઠાઈની ખરીદી માટે ભીડ

રક્ષાબંધન તહેવારમાં બહેન ભાઈની રક્ષા સાથે મોં મીઠું કરાવી વીરાની શુભઆશિષની કામના કરે છે. વલસાડમાં આજે સ્ટેડિયમ રોડ ઉપર આવેલી મીઠાઈની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ લાગી હતી.

રક્ષાબંધન નિમિતે વાંસદા બજારમાં ગ્રાહકોની ભીડથી વેપારીઓમાં ખુશી

વાંસદા: રક્ષાબંધનના તહેવારને લઈ ગુરુવારે વાંસદા નગરના બજારમાં ખરીદી માટે ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. રાખડીની દુકાનો તેમજ સ્ટોલ પર બહેનો અને પરિવારો રાખડીની ખરીદી કરતા જોવા મળ્યા હતા. તહેવારને લઈ મીઠાઈની દુકાનો પર પણ ગ્રાહકોની સારી ભીડ રહેતા ખરીદીમાં વધારો નોંધાયો હતો. રક્ષાબંધન નિમિતે વાંસદા - હનુમાનબારી વિસ્તારના બજારમાં દિવસ દરમિયાન સતત ગ્રાહકોની ચહલપહલ જોવા મળતા વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ગણેશોત્સવની તકરારમાં સાપુતારામાં મિત્રએ મિત્રની પતાવી દીધો

નાસિકથી ફરવા આવેલા છ મિત્રો વચ્ચે મોડી રાત્રે બોલાચાલી થઈ હતી

એક મિત્રને બીજાએ તીક્ષ્ણ હથિયાર વડે ઘા ઝીંકી દેતાં મોત, મુખ્ય આરોપીની અટક

સાપુતારા: સાપુતારા ખાતે ગઇકાલે મોડી રાત્રે હત્યાની એક ચકચારી ઘટના સામે આવી છે. સાપુતારાનાં મ્યુઝિયમ નજીક બેંક ઓફ બરોડા (BOB)નાં ATM પાસે મહારાષ્ટ્રમાંથી સહેલગાહ અર્થે આવેલા મિત્રો વચ્ચે જ બોલાચાલી થતાં એક યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં અફરાટી સાથે ભારે ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાસિક જિલ્લાનાં સુરગાણા તાલુકામાંથી છ જેટલા યુવક મિત્રો ગિરિમથક સાપુતારા ખાતે ફરવા માટે આવ્યા હતા. જેમાં ચાર મિત્ર પહેલાં આવ્યાં હતા અને ત્યારબાદ અન્ય બે મિત્ર પાછળથી જોડાયા હતા. મોડી રાત્રે તમામ મિત્રો સાપુતારા ખાતે BOB ATM નજીક નાસ્તો કરવા બેઠા હતા. આ દરમિયાન ગણેશોત્સવમાં ફાળો આપવા બાબતે તેમજ ગત વર્ષે ગણેશ વિસર્જન વેળાએ થયેલી જૂની તકરારને લઈને મિત્રો-મિત્રો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. આ બોલાચાલી ઉગ્ર બનતા આવેશમાં આવેલા એક યુવકે ૨૭ વર્ષીય હેમંત વિલાસ સૂર્યવંશી નામના યુવક પર તીક્ષ્ણ હથિયાર વડે પેટના ભાગે ગંભીર ઘા ઝીંકી દીધા હતા. ઘટનાને પગલે લોહીલુહાણ થઈ ઢળી પડેલા હેમંત સૂર્યવંશીને તેના બે મિત્ર તાત્કાલિક મોટરસાઈકલ પર સારવાર અર્થે મહારાષ્ટ્રના વની ખાતે આવેલી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગંભીર ઈજા પામેલા હેમંત સૂર્યવંશીનું મોત નીપજ્યું હતું. સાપુતારા પોલીસ ત્વરિત કામગીરી કરી મુખ્ય આરોપી કૃણાલ કિરણ પરદેશીને રાઉન્ડઅપ કરી લીધો છે. જ્યારે ઘટના સ્થળે હાજર અન્ય ૪ શંકાસ્પદ યુવકોની પણ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

ચીખલી પંથકમાં બિનખેતીની જમીનમાં ૭૩-એએ પ્રશ્ને મુશ્કેલીઓ

ઓનલાઈન ખામી, ઓફલાઈન સ્વીકાર નહીં, અરજદારોની હાલાકી

ડીડીઓના પોર્ટલ પર અરજી દેખાતી ન હોય પ્રક્રિયા ખોરંભાય

ધેજ: ચીખલી સહિત જિલ્લામાં બિનખેતીની જમીનમાં ૭૩-એએની પરવાનગી માટેની ઓનલાઇન અરજી ડીડીઓના પોર્ટલ પર ન દેખાતા અરજદારોએ ધક્કા ખાવાની નોબત આવી છે. સિસ્ટમની મોકાણમાં વારંવારની રજૂઆત બાદ કોઈ નિરાકરણ ન આવતા અરજદારો પીસાઇ રહ્યા છે..

પ્રાપ્ત વિગત મુજબ મહેસૂલ વિભાગ દ્વારા હાલે બિનખેતીની (એનએ) જે જમીન હોય તેમાં ૭-૧૨ના સ્થાને પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવ્યા છે. ઉપરોક્ત સ્થિતિમાં ૭૩-એએ નિયંત્રણ સતાપ્રકાર વાળી જમીન બિનખેતીની હોય અમે તેના વેચાણ માટે અરજદાર દ્વારા પરવાનગી મેળવવા ઓનલાઇન અરજી કરવામાં આવે તો તે અરજી ડીડીઓના પોર્ટલ ન દેખાતા આગળની કોઈ પ્રક્રિયા થતી નથી. બિનખેતીની જમીન હોય કલેક્ટરના પોર્ટલ પર ઓનલાઇન દેખાતી હોય છે. પરંતુ ડીડીઓના પોર્ટલ પર અરજી પ્રકટ થતી નથી અને ઓનલાઇનની સિસ્ટમની આંટીઘૂંટીમાં અરજદારો રીતસરના પીસાઇ રહ્યા છે. અરજદારો દ્વારા વારંવારની રજૂઆત બાદ પણ કોઈ નિરાકરણ આવતું નથી અને બીજી તરફ ઓફ લાઇન અરજી સ્વીકારાતી નથી અને જિલ્લા પંચાયતમાં અરજી પોર્ટલ પર દેખાતી ન હોવાનો એકનો એક જ જવાબ મળતો હોય છે અને એક વર્ષ વીતવા છતાં નિકાલ ન આવતા હવે અરજદારો જાય તો ક્યાં જાય તેવી સ્થિતિ સર્જાવા પામી છે.

સમસ્યાનું પરિણામ ન મળતા અરજદારોએ કોઈપણ પ્રકારનો વિકાસ કરવો હોય કે પ્રોજેક્ટ કરવો હોય તો કરી શકતા ન હોવાથી એક રીતે વોકસ રૂંધાઇ રહ્યો છે. તેવામાં તંત્ર દ્વારા ડીડીઓના પોર્ટલ પર ઓનલાઇન અરજી ન દેખાવાની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી છે.

એક વર્ષ પહેલાં અરજી કરી હતી, હજુ નિકાલ નથી: ખેડૂત

ખરોલી ગામના ખેડૂત ખાતેદાર અરજદાર જીજ્ઞેશભાઈ પટેલના જણાવ્યાનુસાર ખરોલી ગામની બીનખેતીની જમીનમાં ૭૩-એએની ઓનલાઇન અરજી કરી હતી. જેનો એક વર્ષની આજુબાજુ જેટલો સમય વીતવા છતાં નિકાલ આવ્યો નથી. જિલ્લા પંચાયતમાં ઓનલાઇન અરજી ડીડીઓના પોર્ટલ પર દેખાતી ન હોવાનો એક જ જવાબ મળી રહ્યો છે. બીજી તરફ ઓફ લાઇન અરજી પણ સ્વીકારાતી નથી ત્યારે હવે ક્યાં જવું તે સમજાય એમ નથી.

નિલેશ કાપડિયા

વાંસદાના પાલગભાણના તૂટેલા કોઝવેથી હાલાકી

વાંસદા: વાંસદાના પાલગભાણ ગામે પટેલ ફળિયા વર્ગશાળા અને ચોકી ફળિયા વચ્ચે ગૌચર થઈ નદી તરફ જતા રસ્તા પરનો કોઝવે તૂટી જતાં સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કોઝવે તૂટી જવાથી રસ્તો પણ અત્યંત ખડતલ બની ગયો છે, જેના કારણે અવરજવર મુશ્કેલ બની છે. આ વિસ્તારના આશરે ૨૦૦ જેટલા ખેડૂતો, પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા રહે છે. કોઝવે તૂટી જવાથી પશુઓ માટે ચારો લાવવા-લઈ જવામાં પણ ખેડૂતોને મુશ્કેલી પડી રહી છે. ચોમાસા દરમિયાન નદીમાં પાણીનો પ્રવાહ વધતા સમસ્યા વધુ ગંભીર બનવાની ભીતિ છે. વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક તૂટેલા કોઝવેનું સમારકામ કરાવી રસ્તાની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી છે.

વલસાડમાં તહેવારોમાં ૯ ફૂટથી મોટી મૂર્તિઓ પર પ્રતિબંધ

વલસાડ: આગામી ધાર્મિક તહેવારોને ધ્યાને રાખીને વલસાડ જિલ્લામાં પર્યાવરણની જાળવણી અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક મહપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. દેવી-દેવતાઓની મૂર્તિ બેઠક સહિત 9 ફુટથી વધુ ઊંચાઈની બનાવી કે સ્થાપિત કરી શકાશે નહીં. મૂર્તિઓ બનાવવામાં માત્ર બિનઝેરી અને પાણીમાં ઓગળી જાય તેવા કુદરતી રંગોનો જ ઉપયોગ કરવાનો રહેશે. ઝેરી કે સિંથેટીક રંગો પર સખત પ્રતિબંધ છે. પ્લાસ્ટર ઓફ પેરિસ ની મૂર્તિઓનું નદી, તળાવ કે દરિયામાં વિસર્જન કરી શકાશે નહીં. આવી મૂર્તિઓનું વિસર્જન માત્ર કૃત્રિમ તળાવોમાં જ કરવાનું રહેશે. વિસર્જન સરઘસ કે શોભાયાત્રા માત્ર મંજૂર થયેલા રૂટ પર જ કાઢી શકાશે. અન્ય રૂટ પર જવાની મનાઈ છે. આ નિયમો જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચતા વેપારીઓ અને સ્થાનિક મૂર્તિકારો તમામ માટે સમાન રીતે લાગુ પડશે. જાહેરનામાના નિયમોનો ભંગ સામે કાર્યવાહી કરાશે.

વસતી ગણતરી કરાવી, મહેનતાણું ક્યારે?

નવસારીમાં ૫૮૦૦થી વધુ શિક્ષકો, સરકારી કર્મીઓમાં રોષ

નવસારી: સરકારી કામગીરીમાં કર્મચારીઓ પાસેથી સમયસર અને જવાબદારીપૂર્વક કામ કરાવી લેતાં વહીવટી તંત્રની કાર્યશૈલી સામે હવે મહેનતાણાની ચૂકવણીના મુદ્દે સવાલો ઊઠી રહ્યા છે.

નવસારી મહાનગરપાલિકા તેમજ જિલ્લા પંચાયત હસ્તકના વિસ્તારોમાં વસતી ગણતરીની કામગીરી પૂર્ણ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં તેમાં ફરજ બજાવનારા ૫૮૦૦થી વધુ શિક્ષકો અને સરકારી કર્મચારીઓને હજુ સુધી મહેનતાણું મળ્યું નથી. મનપા વિસ્તારમાં ૮૦૦થી વધુ અને ગ્રામ્ય વિસ્તારોમાં આશરે ૫૦૦૦થી વધુ કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી હતી. કર્મચારીઓએ ઘરે-ઘરે જઈ માહિતી એકત્ર કરવાની સાથે ફોર્મ ભરવા, ડિજિટલ ડેટા એન્ટ્રી સહિતની જવાબદારીઓ નિભાવી હતી. અનેક કર્મીઓએ રજાના દિવસોમાં પણ વધારાની ફરજ બજાવી હતી. કામગીરી કરાવતી વખતે સમયમર્યાદાનું કડક પાલન કરાવનાર તંત્ર મહેનતાણાની ચૂકવણીમાં શા માટે સમયમર્યાદા નક્કી કરી શકતું નથી, તેવો સવાલ કર્મચારી વર્ગમાંથી ઊઠી રહ્યો છે.

કામગીરી પૂર્ણ થયા બાદ પણ ચૂકવણી માટે કર્મચારીઓને રાહ જોવી પડે તે સ્થિતિ વહીવટી વ્યવસ્થાની ગતિ સામે પ્રશ્નાર્થ ઊભો કરે છે. ખાસ કરીને મોંઘવારીના સમયમાં વધારાની ફરજ બજાવ્યા બાદ મહેનતાણું સમયસર ન મળવાથી કર્મચારીઓમાં નારાજગી સ્વાભાવિક છે.

કર્મચારી સંગઠનો દ્વારા પણ આ મુદ્દે તંત્રનું ધ્યાન દોરી બાકી રકમની તાત્કાલિક ચૂકવણી કરવાની માંગ કરાઈ છે.

કામગીરીની ગણતરીમાં કડકાઈ, પણ કેમ ચૂકવણી પૂર્ણ થતી નથી?

સવાલ એ છે કે વસતી ગણતરી જેવી વિશાળ કામગીરી માટે હજારો કર્મચારીઓની ફરજ, સમયપત્રક અને કામગીરીની ગણતરી ચોકસાઈથી થઈ શકે છે, તો પછી તેમના મહેનતાણાની ચૂકવણી માટેની પ્રક્રિયા કેમ પૂર્ણ થતી નથી? જો કોઈ વહીવટી અથવા નાણાકીય પ્રક્રિયા બાકી હોય તો તેની સ્પષ્ટ માહિતી કર્મચારીઓને આપવી પણ તંત્રની જવાબદારી બને છે. તંત્ર દ્વારા વિલંબ દૂર કરી બાકી મહેનતાણાની ચૂકવણી અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી કર્મચારીઓમાં માંગ ઊઠી છે.

ડાંગમાં જિલ્લામાં માર્ગ વિકાસ માટે રૂ.૩૨ કરોડની જોગવાઈ

સાપુતારા: ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં માર્ગોના મજબૂતીકરણ તથા જરૂરી માર્ગ વિકાસ કામોને વેગ આપવા માટે નાણાકીય મંજૂરી આપવામાં આવી છે. ડાંગ જિલ્લામાં વઘઈ-ડુંગરડા-ભેસકાતરી રોડના વિકાસ અને મજબૂતીકરણ માટે કુલ રૂ. ૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ડાંગ જિલ્લામાં વઘઈ-ડુંગરડા-ભેસકાતરી માર્ગના એક ભાગ માટે ODR શ્રેણીમાં ૧૮.૯૩ કિ.મી. લંબાઈના કામ માટે રૂ. ૨૨ કરોડ તથા આ જ માર્ગના અન્ય ભાગ માટે SH શ્રેણીમાં ૫.૦૦ કિ.મી. લંબાઈના કામ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

-: જાહેર ચેતવણી :-

આથી હમો જાહેર નોટિસ આપનારાઓ
૧. આરીફ અબ્દુલહક શેખ. ૨. કનિઝા અબ્દુલહક શેખ. ૩. સાજીદ અબ્દુલહક શેખ. તમામ રહે, નવસારીનાઓ
આમ અમારા માતા આયશાબીબી અબ્દુલહક શેખ અને પિતા અબ્દુલહક મજીદમીયા શેખ જેઓ બંને (રહે. સાદાત સ્ટ્રીટ, લુંસીકુઈ, નવસારી) જેઓ બંને બીમારી અને વૃદ્ધાવસ્થાના કારણે માનસિક રીતે કોઈ નિર્ણય લેવા સક્ષમ નથી. તેમની મિલકત, બેંક FD કે દાગીના પચાવી પાડવા કેટલાક તત્વો તેમની ખોટી સહી/અંગૂઠો લેવાની પેરવીમાં હોવાથી, તમામ જનતા, બેંકો અને સરકારી/અર્ધ-સરકારી કચેરીઓને તાકીદ કરવામાં આવે છે કે તેમની સાથે કોઈપણ આર્થિક, મિલકત કે દસ્તાવેજી વ્યવહાર (વેચાણ, બક્ષિસ, પાવર ઓફ એટર્ની વગેરે) કરવો નહીં.
જો કોઈ આવો વ્યવહાર કરશે તો તે કાયદાકીય રીતે રદબાતલ (Void) ગણાશે, જેની અમને કોઈ બંધનકર્તા કે જવાબદારી રહેશે નહીં. આવું કૃત્ય કરનાર સામે સખત ફોજદારી અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.
તારીખ: 27.08.26
સ્થળ: નવસારી
નોટિસ આપનાર (વારસદારો):
૧. આરીફ અબ્દુલહક શેખ ૨. કનિઝા અબ્દુલહક શેખ ૩. સાજીદ અબ્દુલહક શેખ

પ્રદિપ એસ. ગડઅંકુશ એડવોકેટ
ગોપાલ નગર, દત્ત મંદિર પાસે, વીજલપોર રોડ, નવસારી (ગુજરાત) મો. 9426136578

આજે રક્ષાબંધનના પાવન અવસર નિમિતે શો-રૂમ બંધ રહેશે.
પ્લેન ગોલ્ડ જ્વેલરી મજુરી
R.A. Parikh 5.9% થી શરૂ
Jewellers NX
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
રવિવારે શો-રૂમ ચાલુ રહેશે

TIME TECHNOPLAST LTD.
Bringing Polymers To Life
રજિ. ઓફિસ: ૧૦૧, ૧લો માળ, સેન્ટર પોઈન્ટ, સોમનાથ દમણ રોડ, સોમનાથ, દાભેલ, નાની દમણ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, (યુ.ટી.) ૩૯૬૨૧૦
કોર્પો. ઓફિસ: ૫૫, કોર્પોરેટ એવન્યુ, સાકી વિહાર રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૨.
ફોન નં.: ૯૧-૨૨-૭૧૧૧ ૯૯૯૯; વેબસાઇટ: www.timetechnoplast.com
ઇમેઇલ: investors@timetechnoplast.com CIN: L27203DD1989PLC003240

વીડિયો કોન્ફરન્સિંગ ('VC') / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ('OAVM') દ્વારા યોજનાર 36મી વાર્ષિક સાધારણ સભા, રેકોર્ડ ડેટ, ડિવિડન્ડ અને ઈ-વોટિંગ માહિતી અંગેની નોટિસ

નોટિસ આથી આપવામાં આવે છે કે કંપનીની 36મી વાર્ષિક સાધારણ સભા ('AGM') કંપની એક્ટ, 2013 અને તે હેઠળ બનાવેલા નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ('લિસ્ટિંગ રેગ્યુલેશન્સ')ની લાગુ જોગવાઈઓ અનુસાર, કોર્પોરેટ બાબતોના મંત્રાલય ('MCA') દ્વારા બહાર પાડવામાં આવેલ તારીખ 05 મે, 2020ના જનરલ સર્ક્યુલર નં. 20/2020 અને ત્યારબાદના સર્ક્યુલરો (જેમાં તાજેતરનું તારીખ 22 સપ્ટેમ્બર, 2025નું જનરલ સર્ક્યુલર નં. 03/2025 છે) સાથે વાંચતા, સભાની નોટિસમાં દર્શાવેલ કામકાજો હાથ ધરવા માટે મંગળવાર, 22 સપ્ટેમ્બર, 2026ના રોજ સાંજે 04:00 વાગ્યે (IST) VC/OAVM દ્વારા યોજવા માટે નિર્ધારિત કરવામાં આવી છે.
ઉપરોક્ત સર્ક્યુલરોનું પાલન કરીને, 36મી AGMની નોટિસ અને નાણાકીય વર્ષ 2025-26 માટેના વાર્ષિક અહેવાલની ઇલેક્ટ્રોનિક નકલો તે તમામ સભ્યોને મોકલવામાં આવશે જેમના ઇમેઇલ સરનામા કંપની / રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ('RTA') / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(સ) ('DP') પાસે નોંધાયેલા છે, સિવાય કે કોઈ સભ્યએ ભૌતિક (ફિઝિકલ) નકલ માટે વિનંતી કરી હોય. આ ઉપરાંત, લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમ 36(1)(b) અનુસાર, કંપની એવા સભ્યોને પણ એક પત્ર મોકલશે જેમના ઈ-મેઇલ સરનામા કંપની / RTA / DP પાસે નોંધાયેલા નથી, જેમાં કંપનીની વેબસાઈટની વેબ-લિંક (ચોક્કસ પાસ સાથે) પૂરી પાડવામાં આવશે, જ્યાંથી નાણાકીય વર્ષ 2025-26નો વાર્ષિક અહેવાલ મેળવી શકાશે.
નાણાકીય વર્ષ 2025-26 માટે કંપનીના વાર્ષિક અહેવાલની ઇલેક્ટ્રોનિક નકલ 36મી AGMની નોટિસ સાથે કંપનીની વેબસાઇટ www.timetechnoplast.com પર તેમજ સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ્સ એટલે કે BSE લિમિટેડ www.bseindia.com, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ www.nseindia.com અને RTAની વેબસાઇટ https://in.mpms.mufg.com/ પર પણ ઉપલબ્ધ રહેશે.
એક નજરે મહત્વની તારીખો:

KYC અપડેટ કરવા માટે દસ્તાવેજો સબમિટ કરવાની કટ-ઓફ તારીખ	સોમવાર, 14 સપ્ટેમ્બર, 2026
ટેક્સ ફોર્મ સબમિટ કરવાની કટ-ઓફ તારીખ	સોમવાર, 14 સપ્ટેમ્બર, 2026
ઈ-વોટિંગની પાત્રતા માટેની કટ-ઓફ તારીખ	મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026
રીમોટ ઈ-વોટિંગ સમયગાળાની શરૂઆત	ગુરુવાર, 17 સપ્ટેમ્બર, 2026, સવારે 9.00 વાગ્યે
રીમોટ ઈ-વોટિંગ સમયગાળાની સમાપ્તિ	સોમવાર, 21 સપ્ટેમ્બર, 2026, સાંજે 5.00 વાગ્યે
ડિવિડન્ડની રેકોર્ડ ડેટ	મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026
ફાઇનલ ડિવિડન્ડની ચુકવણીની તારીખ	બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 અથવા ત્યાર પછી

36મી AGMની નોટિસ સાથે વાર્ષિક અહેવાલ મેળવવા માટે ઈ-મેઇલ સરનામા રજિસ્ટર/અપડેટ કરવાની પદ્ધતિ:
- જે સભ્યો ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવે છે અને ઈ-મેઇલ માટે રજિસ્ટર થયા નથી, તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સ્વ-પ્રમાણિત પાન (PAN) અને સરનામાના પુરાવા સાથે ફોર્મ ISR-1 સબમિટ કરીને અથવા investor.helpdesk@in.mpms.mufg.com પર ઈ-મેઇલ કરીને કંપનીના RTA, MUFG Intime India Private Limited પાસે તેને અપડેટ કરાવે.
- ડીમટીરિયલાઇઝડ (ડીમેટ) મોડમાં શેર ધરાવતા સભ્યોને સંબંધિત DPs પાસે તેમના ઈ-મેઇલ ID રજિસ્ટર/અપડેટ કરવા વિનંતી છે.

ઈ-વોટિંગ દ્વારા મત આપવાની પદ્ધતિ:
- સભ્યોને રીમોટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા 36મી AGMની નોટિસમાં દર્શાવેલ કામકાજ પર દૂરથી (રીમોટલી) મત આપવાની તક મળશે.
- ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેના લોગિન કેડેન્શિયલ્સ (વિગતો) સભ્યોને નોટિસમાં આપેલા વિવિધ માધ્યમો દ્વારા તેમજ તેમના ઈ-મેઇલ ID સફળતાપૂર્વક નોંધાયા પછી ઈ-મેઇલ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- જે સભ્યોએ રીમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ VC/OAVM સુવિધા દ્વારા લોગિન કર્યા પછી AGM દરમિયાન ઉપલબ્ધ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા પોતાનો મત આપી શકે છે. VC/OAVM દ્વારા AGMમાં જોડાવાની અને સભા દરમિયાન મત આપવાની વિગતવાર રીત અને પ્રક્રિયા AGMની નોટિસમાં આપવામાં આવી છે.

રેકોર્ડ ડેટ અને ફાઇનલ ડિવિડન્ડ:
- સભ્યો નોંધ લે કે બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 27 મે, 2026ના રોજ યોજાયેલી તેની સભામાં રૂ. 1/-ના દરેક ઈક્વિટી શેર પર રૂ. 1.50/- (150%)નું ફાઇનલ ડિવિડન્ડ આપવાની ભલામણ કરી છે. ફાઇનલ ડિવિડન્ડ, સભ્યોની મંજૂરીને આધીન, બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026ના રોજ કે ત્યાર પછી એવા સભ્યોને મંજૂર કરેલ મોડ્સ દ્વારા ચૂકવવામાં આવશે જેમના નામ રેકોર્ડ ડેટ એટલે કે મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026ના રોજ સભ્યોના રજિસ્ટરમાં દેખાય છે.
- સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સંપૂર્ણ બેંક ખાતાની વિગતો (IFSC અને MICR સહિત) કંપની/RTA/DP પાસે રજિસ્ટર/અપડેટ કરે જેથી ડિવિડન્ડ ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ (ECS) અથવા અન્ય મંજૂર મોડ્સ દ્વારા સીધા તેમના બેંક ખાતામાં જમા થઈ શકે.

ડિવિડન્ડ મેળવવા માટે બેંક વિગતો સહિત KYC રજિસ્ટર કરવાની પદ્ધતિ:
- SEBI સર્ક્યુલર નં. HO/38/13/(4)2026-MIRSD-POD/I/4298/2026 તારીખ 06 ફેબ્રુઆરી, 2026 દ્વારા ફરજિયાત કર્યા મુજબ, ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યોએ તેમના PAN અને KYC વિગતો (સંપર્ક વિગતો, મોબાઇલ નંબર, બેંક વિગતો અને સહી) કંપનીના RTA પાસે રજિસ્ટર/અપડેટ કરવા જરૂરી છે.
- વધુમાં, ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો કે જેમના ફોલિયો ઉપરોક્તમાંથી કોઈ પણ વિગત સાથે અપડેટ થયેલ નથી, તેઓ 01 એપ્રિલ, 2024થી માત્ર ઇલેક્ટ્રોનિક મોડમાં જ ડિવિડન્ડ મેળવવા માટે પાત્ર રહેશે. તદનુસાર, ફિઝિકલ ફોલિયો સંબંધિત ડિવિડન્ડ જેમાં રેકોર્ડ ડેટ પહેલાં ઉપરોક્તમાંથી કોઈપણ KYC વિગતો અપડેટ કરવામાં આવી નથી, તે ફોલિયો KYC સુસંગત (Compliant) બન્યા પછી જ ચૂકવવામાં આવશે.
- ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યોને ડિવિડન્ડ મેળવવામાં વિલંબ ટાળવા માટે તેમના DP સાથે તેમની સંપૂર્ણ બેંક વિગતો અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.

સભા પહેલાં રીમોટ ઈ-વોટિંગ, VC/OAVM દ્વારા સભામાં જોડાવા, સભા દરમિયાન રીમોટ ઈ-વોટિંગ, ઈ-મેઇલ એડ્રેસનું રજિસ્ટ્રેશન, ઇલેક્ટ્રોનિક માધ્યમથી ડિવિડન્ડ મેળવવાના હેતુ માટે સભ્યોના ફરજિયાત KYC દસ્તાવેજો અને બેંક વિગતો કંપની પાસે અપડેટ કરવા અંગેનું સર્વગ્રાહી માર્ગદર્શન અને TDS જરૂરિયાતો 36મી AGMની નોટિસના 'Notes' વિભાગમાં ઉપલબ્ધ છે.

ટાઇમ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડ વતી
સહી/-
મનોજ કુમાર મેવાડા
સીનિયર વીપી ફાઇનાન્સ અને કંપની સેક્રેટરી

સ્થળ: મુંબઈ
તારીખ: 28 ઓગસ્ટ, 2026

TPL
ટીપીએલ પ્લાસ્ટેક લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસ: ૧૦૨, ૧લો માળ, સેન્ટર પોઈન્ટ, સોમનાથ દમણ રોડ, સોમનાથ, દાભેલ, નાની દમણ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશ) - ૩૯૬ ૨૧૦
કોર્પોરેટ ઓફિસ: ૨૦૩, ૨જો માળ, સેન્ટર પોઈન્ટ, જેબી નગર, જેબી નગર થકાલા મેટ્રો સ્ટેશન નજીક, અંધેરી કુરલા રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૯
ફોન: 022-6852 4200
વેબસાઇટ: www.tplplastech.in; ઈ-મેઇલ: investors@tnpl.net.in
CIN: L25209DD1992PLC004656

વીડિયો કોન્ફરન્સિંગ ('VC')/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ('OAVM') દ્વારા યોજાનારી 33મી વાર્ષિક સામાન્ય સભા (AGM), રેકોર્ડ ડેટ, ડિવિડન્ડ અને ઈ-વોટિંગ માહિતી અંગે નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીની 33મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે (IST) VC/OAVM દ્વારા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે કંપની એક્ટ, ૨૦૧૩ અને તે હેઠળના નિયમો તથા સેબિ (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ('લિસ્ટિંગ રેગ્યુલેશન્સ')ની જોગવાઈઓ અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ('MCA') દ્વારા બહાર પાડવામાં આવેલા જનરલ સર્ક્યુલર નં. ૨૦/૨૦૨૦ (તારીખ ૦૫ મે, ૨૦૨૦) અને ત્યારબાદના સર્ક્યુલર્સ (છેલ્લો સર્ક્યુલર નં.